આકાશવાણી ભુજ

સમાચાર વાચક : કલ્પના શાહ

ડીઇઓ : પ્રદીપ ચાવડા

તારીખ : **20-03-2024** સમય : સવારે **6.50** વાગ્યે

---

## લોકસભાના પહેલા તબક્કાની ચૂંટણી પ્રક્રિયાનો આજથી પ્રારંભ

લોકસભાની પહેલા તબક્કાની આગામી 19મી એપ્રિલે યોજાનારી 102 બેઠકો માટે આજે જાહેરનામું બહાર પડતાં લોકસભાની ચૂંટણી પ્રક્રિયાનો વિધિવત આરંભ થશે. સાત તબક્કામાં લોકસભાની સામાન્ય ચૂંટણી યોજાયા બાદ આગામી ચોથી જૂને મતગણતરી હાથ ધરાશે. ઉલ્લેખનીય છે કે, પહેલા તબક્કામાં 17 રાજ્યો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોની લોકસભાની 102 બેઠકો માટે ચૂંટણી યોજાશે. આજે જાહેરનામું બહાર પડતાં આગામી 27મી માર્ચ સુધી ઉમેદવારીપત્રો ભરી શકાશે. પહેલાં તબક્કામાં લોકસભાની સૌથી વધુ 39 બેઠકો તમિળનાડુની, રાજસ્થાનની 12, ઉત્તરપ્રદેશની 8, મધ્યપ્રદેશની 6, જ્યારે ઉત્તરાખંડ, આસામ અને મહારાષ્ટ્રની દરેકની પાંચ-પાંચ બેઠકોની ચૂંટણી યોજાશે.

**RNU** અમદાવાદ

---

## જિલ્લા ચૂંટણી અધિકારી બેઠક

લોકસભાની ચૂંટણીના સંદર્ભે રાજયના વિવિધ જીલ્લા ચૂંટણી અધિકારીઓએ બેઠકો યોજીને ચૂંટણીને સ્પર્શતા વિવિધ મુદ્દાઓ અંગે સંબંધિત અધિકારીઓ અને અગ્રણીઓને માહીતી અને માર્ગદર્શન આપ્યા છે.

કચ્છમાં જિલ્લા ચુંટણી અધિકારી  અમિત અરોરાએ જિલ્લાની વિવિધ બેન્કોના મેનેજરો અને નોડલ અધિકારીઓ તથા અમલીકરણ એજન્સીઓમાં પોલીસ વિભાગ, ઈન્કમટેક્ષ, કસ્ટમના અધિકારીઓ કલેકટર કચેરી ખાતે  બેઠક યોજી હતી.  આ બેઠકમાં  જિલ્લા ચૂંટણી અધિકારી બેન્ક પ્રતિનિધિઓને ચૂંટણી સમયગાળા દરમિયાન થનારા પ્રત્યેક શંકાસ્પદ આર્થિક વ્યવહારો બાબતે દેખરેખ રાખીને ચૂંટણી વિભાગને માહિતીગાર કરવા જણાવ્યું હતું.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## લોકસભા ચૂંટણી નિયંત્રણ કક્ષ

લોકસભાની સામાન્ય ચૂંટણીના સંદર્ભમાં આવકવેરા વિભાગે અમદાવાદમાં આયકર ભવન ખાતે નિયંત્રણ કક્ષનો આરંભ કર્યો છે.

રાજ્ય ચૂંટણી અધિકારીની કચેરીના નિર્દેશ મુજબ શરૂ કરાયેલા આ નિયંત્રણ કક્ષનો હેતુ ચૂંટણીમાં કાળું નાણું, અને કેશ બુલિયન જેવી પ્રવૃત્તિઓની માહિતી અથવા ફરિયાદો મેળવવાનો છે.

કાળાનાણાં કે અન્ય બાબતોની જાણકારી કે ફરિયાદ કરવા ટોલ ફ્રી નં. ૧૮૦૦-૫૯૯-૯૯૯૯૯ અથવા લેન્ડ લાઈન ફોન નંબર. ૦૭૯-૨૯૯૧૧૦૫૨ જાહેર કરાયા છે. આ ઉપરાંત વૉટ્સએપ નં. ૮૧૬૦૭૪૫૪૦૮ પર તથા આવક વેરા વિભાગ દ્વારા શરૂ કરવામાં આવેલા ઈમેઈલ આઈ.ડી. પર પણ ફરિયાદ કરી શકાશે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------

## જિ. કલેક્ટર સાથે નોડેલ ઓફિસરો અને સંકલન અધિકારીઓની બેઠક

આગામી લોકસભા સામાન્ય ચૂંટણી-2024 અનુસંધાને જિલ્લા ચૂંટણી અધિકારી અમિત અરોરાના અધ્યક્ષસ્થાને જિલ્લાના સંકલન અધિકારીઓ તથા નોડલ ઓફિસરો સાથે બેઠક યોજાઇ હતી. બેઠકમાં ચૂંટણી પંચ દ્વારા અપાયેલી અદ્યતન સૂચનાઓથી હાજર રહેલા નોડલ અધિકારીઓને માહિતગાર કરાયા હતા. જિલ્લા વિકાસ અધિકારી એસ.કે.પ્રજાપતિએ નોડલ અધિકારીઓને તેમની જવાબદારીઓ અંગે અવગત કર્યા હતા. આ બેઠકમાં ચૂંટણી પ્રચાર અર્થે સરકારી વાહનોનો ઉપયોગ કરી શકાશે નહીં, રાજકીય પક્ષોની બેઠક માટે સર્કિટ હાઉસનો ઉપયોગ કરી શકાશે નહીં, ઉપરાંત જાહેરનામા, સભા, સરઘસ સબબના નિયમો, વાહનોના ઉપયોગ બાબતના નિયમો, મતદાનના દિવસ

અંગેના નિયમો, પોલિંગ બૂથ અંગેની જાણકારી, ખર્ચ અંગેના નિયમો તેમજ આચાર સંહિતાના ભંગ બાબતે થતી ફરિયાદ સહિતના વિવિધ મુદે અધિકારીઓને માહિતી સાથે અવગત કરાયા હતા.

N.P. કલ્પના શાહ

---

## આજે વિશ્વ ચકલી દિવસ

આજે વિશ્વ ચકલી દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. એક સમયે ઘર આંગણાનું પક્ષી ગણાતી ચકલીનાં અસ્તિત્વ સામે પડકાર ખડા થયા છે તે સામે લોક જાગૃતિ કેળવવા 2010થી વિશ્વ ચકલી દિવસ ઉજવાય છે. કચ્છમાં અનેક પ્રકૃતિ અને જીવદયા પ્રેમી લોકો અને સંસ્થાઓ દ્વારા આજે વિવધ સ્થળે ચકલી ઘર અને પાણીનાં કુંડાનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવે છે ગઈકાલથી આ અંગે સંવાદ અને સ્પર્ધાઓ જેવા કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

ચંદ્રવદન પટ્ટણી

---

## હવામાન વિભાગની યલો એલર્ટ ચેતવણી

રાજયના હવામાન વિભાગે માર્ચ મહિનાના અંત સુધીમાં મહત્તમ તાપમાન વધીને 40 ડિગ્રી સુધી પહોચે તેવી સંભાવના દર્શાવી છે.

હવામાન વિભાગના અધિકારી અભિમન્યુ ચૌહાણે જણાવ્યું છે કે પવનની દિશા ઉત્તર-પૂર્વ-ઉત્તરની થઇ હોવાથી ગરમીમાં વધારો થવાની આગાહી કરાઇ છે.

દરમ્યાન, રાજયમાં છેલ્લા 36 કલાકમાં સૌથી વધુ 39 ડીગ્રી સેલ્સીયસ મહત્તમ ઉષ્ણાતામાન રાજકોટ અને ભૂજમાં નોંધાયું હતું. જે સામાન્ય કરતાં બે થી ત્રણ ડીગ્રી વધુ હતું. પોરબંદરમાં 38, નલિયા. કંડલા પોર્ટ, અમરેલી, અમદાવાદ અને વલ્લભવિદ્યાનગરમાં 37 ડીગ્રી ઉષ્ણાતામાન નોંધાયું છે.

સપ્તાહની શરૂઆતથી જ કચ્છમાં ગરમીએ જોર પકડ્યું છે તેવામાં આજે બુધવારથી પાંચ દિવસ સુધી કેટલાક સ્થળે ગરમીનું મોજું ફરી વળવાની સંભાવના દર્શાવાઇ છે તેની સાથે યલો એલર્ટ જારી કરાયું છે. આ દિવસોમાં તાપમાન સામાન્ય કરતાં 5 ડિગ્રી વધુ રહેવાની શક્યતા છે. જિલ્લા મથકે ચાર દિવસમાં દિવસનું ઉષ્ણતામાન ચાર ડિગ્રી જેટલું ઉંચકાવાની સાથે આકરા ઉનાળાના એંધાણ આપતી ગરમી અનુભવાઇ રહી છે. આજથી રવિવાર સુધી મહત્તમ ઉષ્ણતામાનનો પારો બેથી ત્રણ ડિગ્રી ઉંચકાવાની સાથે 40 ડિગ્રી કે તેનાથી વધુ થવાની શક્યતા હવામાન વિભાગ દ્વારા દર્શાવાઇ છે.

**RNU અમદાવાદ/N.P. કલ્પના શાહ**

---------------------------------------------------------------------